
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



ગુજરાનવાલામાં શ્રી આત્મારામજી મહારાજશ્રીનું સમાધિમંદિર

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા

પુસ્તક ૫૩
અંક ૨ જો
આસો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ-નુ-ક્ર-મ-ણિ-કા


૧. નિજાત્માનું સામર્થ્ય ... ... ... ... ... ... ( પાદરાકર ) ૩૩
૨. ' શ્રેયાંસ ' વિષે વિચારણા ... ... ... ...( શ્રી હીરાલાલ ર. કાપડિયા ) ૩૪
૩. શ્રી વાસુપૂજ્ય જિનસ્તવન ... ... ... ... ( શ્રી અમરચંદ માવજી ) ૩૭
૪. અનાથી મુનિ ... ... ... ... ( બાપુલાલ કાળીદાસ સંઘાણી ) ૩૮
૫. આધુનિક યુગમાં અહિંસાનું તાત્પર્ય ... ... ... ( જમનાદાસ ગો. શાહ ) ૪૧
૬. અભેદ્ય પ્રેમ .... ... ... ... ...( શ્રી અમરચંદ માવજી શાહ ) ૪૪
૭. સત્ય સુખનો ઉપાય... ... ... ... ( મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી ) ૪૭


---

## શ્રી કથારત્નકોષ ( ભાષાંતર દ્વિતીય ભાગ. )

### કર્તા—શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.

જેમાં સમ્યક્ત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર-સરલ નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ, અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો, ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે. પ્રથમ ભાગમાં સમ્યક્ત્વના વીશ ગુણોનું વર્ણન આપવામાં આવ્યું છે. આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યક્ત્વના અને સત્તર પંચ અણુવ્રતના મળી કુલ ત્રીશ ગુણોનું કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે. સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી **આ સભાના માનવંતા પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા** આ ગ્રંથ છપાય છે. સુમારે ચાલીસ ફોર્મ ઉપરાંત ક્રાઉન આઠ પેજી લગભગ ચારસો પૃષ્ઠમાં તૈયાર થશે. **આસો વદી ૦)) સુધીમાં નવા થનારા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે.** કિંમત સુમારે રૂા. નવ થશે,

---

### નમ્ર સૂચના.

**બૃહત્કલ્પસૂત્ર** છઠ્ઠો ભાગ હાલમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગલા કેટલાક ભાગોનું વેચાણ ઘણા વખત પહેલાં થયેલું હોવાથી, છ ભાગો તૂટક થયા છે, અને છએ ભાગ પૂરતા નહં મેળવનાર અથવા બીલકુલ નહિં મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાનભંડારો, ખપી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સભા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગલા ૨-૩-૪-૫ ભાગો મેળવીને હાલમાં થોડા આખા સેટો એકઠા કર્યા છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે; જેથી જોઇએ તેમણે મંગાવવા નમ્ર સૂચના છે. કિંમત ૨-૩-૪-૫ દરેક ભાગના પંદર, પંદર રૂપિયા સાઠી અને છઠ્ઠા ભાગના સોળ રૂપિયા સાઠી ( પોસ્ટેજ જુદું ).

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૧ | આસો | પુસ્તક ૫૩ મું.
વિક્રમ સં. ૨૦૧૧ | | અંક ૩ જો

# નિજાત્માનું સામર્થ્ય !

તું ઠાકર સારી આલમનો, કહે કંકરમાં કયમ લોભાયો ?
ઓ ! શરાફ ! દાણી ભગવત ઘરના, તું દલાલીમાં લપટાયો ? તું૦

તેં દાન અનંતાં દીધાં છે, મુરદાંય સજીવન કીધાં છે !
કાતિલ વિષ-અમૃત પીધાં છે, પામરતામાં કાં પટકાયો ! તું૦

સચરાચર તારે ચરણુ વસે, રિદ્ધિ-સિદ્ધિય લલાટ લસે !
મેરુ ગિરિ નયન કટાક્ષ ખસે, બની વામન ભ્રમણા ભટકાયો ! તું૦

તુજ શક્તિ અનંતી સૌ જાણે, જગ સિદ્ધ સમોવડ પરમાણે !
તું ઝગમગતો નિશ્ચય નાણે, પરમાયામાં કાં લલચાયો ? તું૦

સુમતિ સોહાગણુ તું વરિઓ, નિજ આતમ વિલાસતણો દરિયો !
તું અનંત આતમ ગુણે ભરીયો, પરપુદ્ગલમાં કાં ભરમાયો ? તું૦

તુજ તેજે વિશ્વ પ્રકાશ ભર્યો, તું વારસ શ્રી મહાવીર તણો !
કેમ વિરાટ વામનમાં લપટ્યો, દાતા લે દેવથી દરમાયો ? તું૦

આનંદ અખંડ સ્વરૂપ તારું, કાં કરતો મારું અને તારું ?
જ્યોતિ પ્રગટયે રહે અંધારું, ભૂલ્યો કે માયા કર રહાયો ? તું૦

લખ અલખ લક્ષમાં લેનારો ! સત્-ચિત્ત-આનંદે રમનારો !
હંસલ માનસ સર ઝીલનારો ! કાં છીલ્લર જલ કીચ ફસડાયો ? તું૦

જો જાગ-ફાગ ખેલાઇ ગયા, સંધ્યાના રંગ વિલાઇ રહ્યા !
જીવન-જોબન કરમાઈ વહ્યાં, ગાફીલ હજીયે શું ઊંઘી ગયો ? તું૦

અંતર્મુખ થા નિજરૂપ બળે, સુખ અનંત અવ્યાબાધ રળે !
માણે-શિવરાણી સહજ મળે ! એ આશ-પ્યાસ મણિ મસ્ત બન્યો ! તું૦

**પાદરાકર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'શ્રેયાંસ' વિષે વિચારણા

( લેખક—પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ. એ. )

**વિશેષાર્થ અને સામાન્યાર્થ**—આપણા આ ભારતવર્ષમાં જૈન માન્યતા મુજબ 'હુંડા' અવસર્પિણી પ્રવર્તે છે. એ અવસર્પિણીમાં જૈનોના ચોવીસ તીર્થંકરો થઇ ગયા છે. એમનાં નામ **સમવાય** ( સુત્ત ૨૪ અને ૧૫૭ ) માં અદ્ધમાગહી( અર્ધમાગધી )માં અપાયાં છે. અગિયારમા તીર્થંકરનું નામ આ આગમમાં 'સિજ્જંસ' અપાયું છે. **આવસ્સયના** બીજા અજ્ઝયણમાં ચોવીસે તીર્થંકરોનાં નામપૂર્વક એમની સ્તુતિ કરાયેલી છે. આ **આવસ્સય** ઉપરની નિજ્જુત્તિમાં એ નામોના વિશેષાર્થ (ગા. ૧૦૮૦–૧૦૯૧)માં અપાયા છે, જ્યારે એ નામોના સામાન્યાર્થ કે જે ગમે તે તીર્થંકરને અંગે ઘટી શકે તેમ છે તે તેમજ વિશેષાર્થ આ મૂલસુત્ત તેમ જ નિજ્જુત્તિના વિવરણરૂપે 'સમભાવભાવી' હરિભદ્રસૂરિએ સંસ્કૃતમાં રચેલી **શિષ્યહિતા** નામની વૃત્તિ( પત્ર ૫૦૨ અ. ૫૦૭ અ. )માં નજરે પડે છે. આ નામોના બંને પ્રકારના અર્થ **આવસ્સયની** ચુણ્ણિ( ઉત્તર ભાગ, પત્ર ૯–૧૧ )માં અપાયા છે. વિશેષમાં 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **અભિધાનચિન્તામણિ**( કાંડ ૧, શ્લો. ૨૭ )ની સ્વોપજ્ઞ વિવૃતિ( પૃ. ૧૧ )માં આ વિષય સંસ્કૃતમાં ચર્ચ્યો છે. શ્રી વિજયાનંદસૂરિએ ઉર્ફે આત્મારામજી મહારાજે **જૈનતત્ત્વાદર્શ**( પૃ. ૧૯–૨૬, પંચમ સંસ્કરણ )માં આ બંને અર્થ સંસ્કૃતમાં તેમજ સાથે સાથે હિંદીમાં આપ્યા છે. બંને પ્રકારના અર્થ ગુજરાતીમાં મેં બપ્પભટ્ટિસૂરિકૃત **ચતુર્વિંશતિકા**ના મારા ઉપોદ્ઘાત( પૃ. ૪૭–૫૨ )માં આપ્યા છે. આમ આ વિષય **શ્રેયાંસનો વિશેષાર્થ**-ભિન્ન ભિન્ન ભાષામાં ઓછામાં ઓછા પંદર સૈકા થયા વિચારાતો આવ્યો છે. આ લેખમાં તો 'શ્રેયાંસ' શબ્દનો જે વિશેષાર્થ અપાયો છે તે હું રજૂ કરું છું:–

**"महरिह सिज्जारुहणंमि डोहलो तेण होइ सिज्जंसो।"**

આનો અર્થ એ છે કે ( શ્રેયાંસનાથની માતાને ) મહામૂલ્યશાળી શય્યા ઉપર આરોહણ કરવાનો દોહદ ( ઉત્પન્ન ) થયો હોવાથી એ તીર્થંકરનું નામ 'સિજ્જંસ' ( સં. શ્રેયાંસ ) રખાયું.

**શ્રેયાંસના સામાન્યાર્થ અને વિશેષાર્થ**–આ. ચુ.( પત્ર ૧૦ )માં નીચે પ્રમાણે ઉલ્લેખ છે:–

**"सामण्णं–सव्वे सेया लोए, अहवा तेण निर्वर्तितसरीरा। विसेसो–तस्स रण्णो परंपरागता सेज्जा देवताए परिग्गहिता अच्चिज्जंति अच्छति। न कस्सति ढोकं देति। देवीए गब्भगते दोहलो। तं सेज्जं विलग्गा। देवता रडितूण पलाता, तेण 'सेज्जंसो' ११।"**

આ ચુણ્ણિના ઉલ્લેખ ઉપરથી જોઇ શકાય છે કે એમને મતે બે સામાન્યાર્થ છે અને એક વિશેષાર્થ છે. સર્વ તીર્થંકરો લોકમાં કલ્યાણકારી છે એ પ્રથમ સામાન્યાર્થ છે, જ્યારે તે વડે ( એટલે કે શ્રેયથી ) એમનું શરીર રચાયું છે એ બીજો સામાન્યાર્થ છે. વિશેષાર્થ નિજ્જુત્તિ કરતાં વિશેષ વિસ્તારથી અહીં અપાયો છે. એ નીચે મુજબ છે:–તે રાજાને પરંપરાથી પ્રાપ્ત થયેલી શય્યા દેવતાએ ગ્રહણ કરી હતી એનું પૂજન કરાતું હતું. એ શય્યા કોઇને અપાતી ન હતી દેવીને ( શ્રેયાંસનાથની માતાને ) એઓ ગર્ભમાં આવતાં દોહદ ( ઉત્પન્ન ) થયો અને એઓ એના ઉપર આરૂઢ થયાં. દેવતાએ રુદન કરી પલાયન કર્યું. તેથી ( એમનું નામ ) 'સેજ્જસ' રખાયું.

ઉપર્યુક્ત હારિભદ્રીય વૃત્તિ( પત્ર ૫૦૪ અ)માં નીચે મુજબ *ઉલ્લેખ છે.

**"तत्र श्रेयान्–समस्तभुवनस्यैव हितकरः प्राकृतशैल्या छान्दसत्वाच्च 'श्रेयांस' इत्युच्यते। तस्थ सव्वे वि तेलोगस्स सेवा। विसेसो उभ–**

* આની સંસ્કૃત છાયા સંપાદક મહાશયે આપી છે.



For Private And Personal Use Only

**तस्स रन्नो परंपरागया सज्जा देवतापरिग्गहिता अच्चिज्जइ । जो तं अल्लियइ तस्स देवया उवसग्गं करेति । गब्भत्थे य देवीए डोहलो । उववि‌ट्ठा अक्कंता य । आरसिउं देवया अवक्कंता । तित्थगरनिमित्तं देवया परिक्खिता । देवीए गब्भप्पहावेण एवं सेयं जायं । तेण से णामं कयं 'सेज्जंसो 'त्ति ।"**

આનો અર્થ એ છે કે 'શ્રેયાન્' એટલે સમસ્ત વિશ્વને હિતકારી. પ્રાકૃત શૈલીને લઇને તેમજ છાંદસત્વને લીધે 'શ્રેયાંસ' એમ કહ્યું છે. સર્વે તીર્થંકરો ત્રૈલોક્યનું શ્રેય એટલે કલ્યાણ કરનારા છે. (આ સામાન્યાર્થ થયો.) વિશેષાર્થ નીચે પ્રમાણે છે:—

તે રાજાને પરંપરાથી પ્રાપ્ત થયેલી શય્યા દેવતાવડે પરિગ્રહીત હોઇ પૂજાતી હતી. જે વ્યક્તિ એ શય્યાનો આશ્રય લેતી તેને દેવતા તરફથી ઉપસર્ગ કરાતો. (શ્રેયાંસનાથ) ગર્ભમાં આવતાં દેવીને (એમની માતાને) દોહદ ઉત્પન્ન થયો અને એઓ એ શય્યા ઉપર બેઠા અને એનું સેવન કર્યું. દેવતાએ રુદન કરીને પલાયન કર્યું. તીર્થંકરના નિમિત્તથી દેવતામાં પરિક્ષેપ થયો. દેવીના ગર્ભના પ્રભાવથી આ પ્રમાણે શ્રેય એટલે કલ્યાણ થયું. તેથી એમનું નામ 'સેજ્જંસ' પડાયું.

આ વૃત્તિમાંથી આપણને એક નવીન વાત જાણવા મળે છે, એ 'શ્રેયાંસ' શબ્દની નિષ્પત્તિને લગતી છે. આ નિષ્પત્તિ માટે બે કારણ દર્શાવાયાં છે:

(૧) પ્રાકૃત શૈલી અને (૨) છાંદસત્વ. આ સંબંધમાં વિશેષ વિચાર કરાય તે પૂર્વે હેમચન્દ્રસૂરિનું કથન આપણે નોંધીશું:—

**"श्रेयांसावंसावस्य श्रेयांसः, पृषोदरादित्वात् । यथा गर्भस्थेऽस्मिन् केनाप्यनाक्रान्तपूर्वदेवताऽधिष्ठितशय्या जनन्याऽऽक्रान्तेति श्रेयो जातमिति श्रेयांसः ।"**—પૃ. ૧૧

આ ઉલ્લેખની બે વિશેષતા છે: (૧) સામાન્ય અર્થ ભિન્ન રીતે દર્શાવાયો છે અને (૨) 'શ્રેયાંસ' શબ્દ પણ જૂદી રીતે સિદ્ધ કરાયો છે.

જેમના બંને ખભા શ્રેયસ્કર યાને કલ્યાણકારી છે તેઓ 'શ્રેયાંસ' કહેવાય છે. આમ સામાન્યાર્થ અપાયો છે. વિશેષમાં 'શ્રેયાંસ'ની સિદ્ધિ માટે 'પૃષોદરાદિત્વ' એવો હેતુ અપાયો છે. વિશેષાર્થમાં કોઇ નવીનતા નથી એટલે એ વિષે હું કંઇ કહેતો નથી. પૃષોદરાદિત્વ વિષે આગળ ઉપર હું થોડુંક કહીશ.

હેમચન્દ્રસૂરિએ **અભિધાનચિન્તામણિ** (કાંડ ૧, શ્લો. ૨૯-૩૦)માં મહાવીરસ્વામીનાં છ નામ અને ઋષભદેવ વગેરે છ તીર્થંકરોનાં બબ્બે નામ આપ્યાં છે. એમાં અગિયારમા તીર્થંકરનાં 'શ્રેયસ્' અને 'શ્રેયાંસ' એમ બે નામ જોવાય છે, વિશેષમાં આની સ્વોપજ્ઞ વિવૃતિ (પૃ. ૧૨)માં 'શ્રેયસ્'ને અંગે નીચે પ્રમાણે ઉલ્લેખ છે:—

**"सकलभुवनस्यापि प्रशस्यलभत्वेन श्रेयान् ।"**

આનો અર્થ એ છે કે—સકળ ભુવનને પણ સૌથી વધારે પ્રશંસ્ય એટલે કે પ્રશંસા કરવા લાયક હોવાથી 'શ્રેયસ્' છે.

આમ જ્યારે અહીં 'શ્રેયસ્' એવું નામાંતર તેમજ એની સાન્વર્થતા વિષે નિર્દેશ છે તો એ પ્રશ્ન પૂછવાનું મને મન થાય છે કે—હેમચન્દ્રસૂરિની પૂર્વે થઇ ગયેલા કોઇ ગ્રન્થકારે શ્રેયાંસનાથનું 'શ્રેયસ્' એવું નામ પોતાની કોઇ સંસ્કૃત કૃતિમાં વાપર્યું છે ખરું ?*

---

* આ પ્રશ્ન પૂછવાનું કારણ એ છે કે—એવો "જૈન સંસ્કૃત શબ્દ-કોષ" હજી સુધી તો રચાઇને પ્રસિદ્ધ થયેલો જોવા જાણવામાં નથી કે જેમાં વાચકવર્ય ઉમાસ્વાતિની સંસ્કૃત કૃતિઓમાંથી (એની પહેલાંની કોઇ જૈન અખંડ કૃતિ મળતી નથી એટલે એમાંથી) એકે એક શબ્દ અને ત્યાર પછી ન્યાયાચાર્ય યશોવિજયગણિ સુધીના સમય દરમ્યાન સંસ્કૃતમાં જૈનોને હાથે રચાયેલી વિશિષ્ટ કૃતિઓમાંથી નવીન નવીન શબ્દ એકત્રિત કરાયા હોય અને તેના અર્થ ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં અથવા તો આ પૈકી કોઈ બે ભાષામાં કે ત્રણે ભાષામાં અપાયા હોય અને સાથે સાથે તે તે શબ્દોને લગતું પ્રાચીનતમ મૂળ દર્શાવાયું હોય.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે આપણે **જૈનતત્ત્વાદર્શ**( પૃ. ૨૨ )માંથી નિમ્નલિખિત પંક્તિ નોંધીશું:—

**"श्रेयान् समस्तभुवनस्यैव हितकरः। प्राकृतशैल्या छान्दसत्वाच्च इत्युच्यते।**

**सर्व जगत् का जो हित करे सो श्रेयांस।**

**यद्वा गर्भस्थेऽस्मिन् केनाप्यनाक्रान्तपूर्व-देवताऽधिष्ठितशय्या जनन्याऽऽक्रान्तेति श्रेयो जातमिति श्रेयांसः।**

**भगवान जब गर्भ में थे तब भगवान के पिता के घर में एक देवताधिष्ठित शय्या थी उस पर जो बैठता था उसही को असमाधि उत्पन्न होती थी। भगवन्त की माता का उसी शय्या पर सोने का दोहद उत्पन्न हुवा। "माता उसी शय्या पर सोइ। देवता शान्त भया-उपद्रव न करा, इस हेतु से श्रेयांस।"**

આ ઉલ્લેખમાંનો સામાન્યાર્થસૂચક પ્રારંભિક સંસ્કૃત અંશ હારિભદ્રીય વૃત્તિગત ઉપયુક્ત ઉલ્લેખ સાથે અક્ષરશઃ મળે છે. એટલે એ એના આધારે યોજાયો હશે. આનો અર્થ હિંદીમાં આપતી વેળા 'શ્રેયાંસ'ની નિષ્પત્તિનાં બે કારણ દર્શાવનારી પંક્તિનો અર્થ આ મુદ્રિત પુસ્તકમાં નથી. એથી એ પ્રશ્ન ઉદ્ભવે છે કે શું કર્તાએ જ એ અર્થ આપ્યો નથી કે પછી છપાવતી વેળા એનો અર્થ દર્શાવનારી પંક્તિ પૂરતો પાઠ છૂટી ગયો છે? આ પાંચમા સંસ્કરણમાં શુદ્ધિપત્રક નથી તેમજ મારી પાસે આની પહેલાંનાં ચાર સંસ્કરણોમાંથી એકે નથી તેમજ એ બધાં તો અહીં કોઇ સ્થળેથી મળે એમ પણ જણાતું નથી તો આ પરિસ્થિતિમાં આ પ્રશ્નનો ઉત્તર અન્ય સંસ્કરણો જોવાનો જેમને સુયોગ હોય તેઓ એ જણાવવા કૃપા કરે કે પાઠ પડી ગયો છે કે કેમ અને જેમની પાસે કર્તાના હાથે લખાયેલી હાથપોથી હોય કે એમના કોઇ શિષ્ય-પ્રશિષ્યમાંથી કોઇએ પ્રથમાદર્શ તૈયાર કર્યો હોય તેઓ કર્તાએ એ પાઠ આપ્યો છે કે નહિ તે સૂચવવા કૃપા કરે.

'પંજાબકેસરી' વિજયવલ્લભસૂરિજી જે દિવસે રાતના કાળધર્મ પામ્યા તે પહેલાં એ જ દિવસની કે આગલા દિવસની સવારના પહોરમાં એમણે મારા દેખતાં પંજાબના કેટલાક ભંડારોના કાર્યવાહકો ઉપર પત્રો લખાવી પુછાવ્યું હતું કે **જૈનતત્ત્વાદર્શ**ની પ્રાચીન હાથપોથીઓ તમારે ત્યાં છે અને હોય તો તે મોકલાવશો? આનો ઉત્તર કોઇ સ્થળેથી એમના અગ્રગણ્ય શિષ્ય ઉપર આવ્યા હોય તો તેની મને ખબર નથી. પ્રાચીન હાથપોથીઓ મેળવવા બાબત મેં શ્રી વિજયસમુદ્રસૂરિજીને સાદર વિજ્ઞપ્તિ એકાદ મહિના ઉપર કરી હતી, પણ અત્યાર સુધી તો મને એમની તરફથી કોઈ ઉત્તર મળ્યો નથી, તો આજે એમને હું આ જાહેર વિજ્ઞપ્તિ કરું છું.

**પ્રાકૃત શૈલી**—હરિભદ્રસૂરિએ 'શ્રેયાંસ'ને અંગે 'પ્રાકૃત શૈલી' એનો જે હેતુ દર્શાવ્યો છે તેનો અર્થ બરાબર સમજાતો નથી. શું એઓ એમ કહેવા ઇચ્છે છે કે પાઇય( પ્રાકૃત )માં 'સિજ્જંસ' તેમજ 'સેજ્જંસ' શબ્દો છે એ બંને કયા સંસ્કૃત શબ્દ ઉપરથી ઉદ્ભવ્યા હશે-એ કયા સંસ્કૃત શબ્દનાં સમીકરણરૂપ ગણાય એવો પ્રશ્ન વિચારતાં ઉત્તર તરીકે 'શ્રેયાંસ' સૂચવાય તે બીના રજૂ કરવા માટે કામમાં લેવાયેલી પદ્ધતિ તે 'પ્રાકૃત શૈલી' છે?

**છાંદસત્વ**—'છંદસ્'ના 'છંદ' ( પદ્યાત્મક રચના ) અને 'વેદ' એમ બે અર્થ થાય છે. એ ઉપરથી એટલે કે છંદની દૃષ્ટિએ કરાતી વિચારણા અથવા તો વૈદિક પ્રયોગ-વેદને લગતા વ્યાકરણ અનુસરતો પ્રયોગ-આર્ષ પ્રયોગ એ અર્થ સૂચવવા 'છાંદસત્વ' શબ્દ વાપરી શકાય. અહીં પ્રથમ અર્થ તો ઘટતો હોય એમ જણાતું નથી. આથી 'શ્રેયાંસ' એ આર્ષ પ્રયોગ છે એટલે કે એ પાણિનિકૃત વ્યાકરણ કે જેમાં લૌકિક સંસ્કૃતને અંગે નિયમન કરાયું છે તેને અનુસરનારો પ્રયોગ નથી. શું હરિભદ્રસૂરિ છાંદસત્વથી આ પ્રમાણે કહેવા ઇચ્છે છે કે બીજું કંઇ?

**પૃષોદરાદિત્વ**—સમાસોના વિવિધ વર્ગો પડે છે. તેમાં કેટલાક સમાસોનાં પૂર્વ પદના વર્ણનો લોપ કરાય છે. આવા સમાસોના વર્ગનું નામ 'પૃષોદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાદિ' રખાયું છે. વ્યાકરણ પ્રસિદ્ધ શબ્દગણ કે જેમાં લોપને બદલે વર્ણનો ×આગમ કે શબ્દનો *આદેશ વગેરે કરાતા હોય તેવા સમાસોને પણ 'પૃષોદરાદિ' કહે છે. 'પૃષોદર' પૃષત્ અને ઉદર એ બે શબ્દો ઉપરથી પૃષત્ના 'त्' નો લોપ કરી બનાવાયેલો સમાસ છે. "**पृषतः उदरं पृषोदरम्**" એ રીતે એનો વિગ્રહ કરાય છે. 'પૃષત્' એટલે જળનું બિન્દુ આથી 'પૃષોદર' નો અર્થ 'પવન' કરાય છે. 'પૃષોદ્યાન' માં પણ 'પૃષત્' ના 'ત્' નો લોપ કરાયો છે. એવી રીતે બુદ્ધિવાચક **मनीषा** (**मनस्+ ईषा**) માં '**अस्**' નો લોપ કરાયો છે. પ્રસ્તુતમાં **श्रेयांस** (**श्रेयस्+ अंस**) માં '**स्**' નો લોપ કરી 'શ્રેયાંસ' એટલો સમાસ બનાવાયો છે.

**કલ્પના**—'પ્રશસ્ય' તેમજ 'વૃદ્ધ' શબ્દના અધિકતાવાચક અને શ્રેષ્ઠતાવાચક રૂપ તરીકે 'શ્રેયસ્' અને 'શ્રેષ્ઠ'નો ઉલ્લેખ કરાય છે. 'પ્રશસ્ય'નો અર્થ 'વખાણવા લાયક' છે. 'શ્રેયસ્'નો 'કલ્યાણકારી' અને 'શ્રેષ્ઠ'નો 'ઉત્તમ' અર્થ છે. 'વૃદ્ધ' એટલે 'ઘરડું'. આમ વિવિધ શબ્દોનો અર્થ વિચારતાં તેમજ અધિકતાવાચક અને શ્રેષ્ઠતાવાચક પ્રત્યયો તરફ લક્ષ્ય આપતાં એવી કલ્પના સ્ફુરે છે કે 'શ્રેયસ્' અને 'શ્રેષ્ઠ' જાણે 'શ્રા' જેવા શબ્દનાં રૂપો હશે. 'કનીયસ્' અને 'કનિષ્ઠ' માટે 'કનુ' જેવો શબ્દ મૂળમાં હશે એવો વિચાર આવતાં અને આવાં બીજા રૂપો જોતાં ઉપર્યુક્ત કલ્પના વધારે જોર પકડે છે. વૈદિક સંસ્કૃત ભાષામાં તેમજ પ્રાચીન પાઇય ભાષાઓ (જેવી કે પાલિ અને અદ્ધમાગહી)માં રચાયેલી કૃતિઓ આ દૃષ્ટિએ તપાસતા તો કેટલાંક અનિયમિત રૂપો ઉપર પ્રકાશ પાડવા સંભવ છે.

× આનું ઉદાહરણ અત્યારે કોઇ યાદ આવતું નથી, એટલે એ હું આપતો નથી.

* 'મેઘ' અર્થવાળો 'વલાહક' સમાસ પણ 'પૃષોદરાદિ' વર્ગનો છે. એનો વિગ્રહ "**वारीणां वाहकः वलाहकः**" એમ કરાય છે.

# શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

(રાગ—એક રે દિવસ એવો આવશે.)

મેં જોયું દિલની અટારીએ, વાસુપૂજ્ય દેખાયા;
ઝગમગતા એ સૂર્યનાં, પ્રગટ કિરણ ફેલાયા. મેં જોયું....ટેક-૧
જ્યોતિ પ્રગટી અંતરે, કમલ આત્મ વિકસાવ્યા;
ચેતન ભ્રમર ॐ ॐ કરે, અંતરનાદ જગવ્યાં. મેં જોયું........-૨
અમૃતરસનાં પાનથી, આનંદરસ છલકાયા;
શાંતિ સરોવરનાં તીરે, જ્ઞાનામૃત રેલાયા. મેં જોયું........-૩
સૌરભ પ્રસરી પ્રેમની, સમભાવ ફેલાયા;
તુંહી તુંહીના નાદથી, સોહં ધ્યાન લગાયા. મેં જોયું........-૪
અર્હમ્ અર્હમ્ ધ્યાનથી, વાસુપૂજ્ય મેં ભાવ્યા;
"અમર" ચિદાનંદના, સત્દર્શન પામ્યા. મેં જોયું........-૫

**અમરચંદ માવજી શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનાથી મુનિ ! (સંસારનું અનાથત્વ)

લેખકઃ—બાપુલાલ કાલિદાસ સંઘાણી 'વીરબાલ' મોરવાડા વાયા–રાધનપુર.

ઇ. સ. પૂર્વે છઠ્ઠા સૈકાથી આ કથા અગણિત હૈયાંને ગગળાવતી રહી છે.

મહારાજા શ્રેણિક વૈભવ અને સૌંદર્યના ભોક્તા હતા. સાથેસાથે એમનો સંસ્કારી આત્મા અંતરમાંયે ડોકિયું કરી જતો અને અન્યની જીવન–સાધનાઓના અંતરતળને સ્પર્શવા પણ દોડી જતો. અને આથી જ શ્રેણિકની જીવનકથા તેજસ્વી જીવનધારાઓની માળા ગુંથતી એક ગૌરવશીલ જીવંત દોરી બની રહી છે.

રાજમહાલયમાંથી સવારસમયે શ્રેણિકરાજ ઘોડેસ્વાર બની નગર બહાર જઇ રહ્યા છે. પ્રાતઃકાળનો મીઠો પવન ઝીણો ઝીણો વહી રહ્યો છે. અશ્વ મદભર્યા ગૌરવથી આગળ વધી રહ્યો છે અને ઉપર સ્વાર ઝૂલી રહ્યો છે. સવારની સ્ફૂર્તિમાં બન્ને મસ્ત છે,. છતાંય સ્વારનાં ચકોર નયનો ચોમેર ઘૂમી રહ્યાં છે. એની નજર એક વૃક્ષતળે આસન વાળીને બેઠેલા મુનિ ઉપર પડે છે. શાન્ત–સુકુમાર અને ભવ્ય લલાટવાળા આ યુવાન મુનિ એમના આત્માને ખેંચી રહે છે. તોફાનભર્યા ઘોડાની પીઠ ઉપરથી છલંગ મારી શ્રેણિકરાજ ઊતરી પડે છે, નજીકના વૃક્ષના થડમાં ઘોડાને બાંધી વિવેકથી 'વંદના' કહી મુનિ સમીપ બેસે છે. મુનિરાજ 'ધર્મલાભ' કહી 'સ્વાગત–આશિષ' વદે છે. એમનાં ભવ્ય નયનોમાંથી અમી વહી રહે છે.

થોડીવાર એમ ને એમ મૌન પથરાઇ રહે છે. શ્રેણિકરાજ મૌન તોડીને વિનયપૂર્વક પૂછે છેઃ–'મુનિરાજ ! આપ સુકુમાર અને યુવાન છો. ત્યાં અકાળે આ દેહને ગાળી નાંખતી તપશ્ચર્યા શી? અવિવેક થતો હોય તો માફ કરીને આપ મને તે કહો !"

"રાજવી ! એમાં અવિવેક કાંઇ નથી. અનાથ છું. મારા માટે આ સિવાય બીજો કોઇ માર્ગ નથી" મુનિએ શાન્ત સ્વરે જવાબ આપ્યો. એ અવાજમાં શક્તિ અને માર્દવતાનું મીઠું આકર્ષણ હતું.

"ખોટી વાત મુનિવર ! આપ અસત્ય ના બોલો પણ મારા માન્યામાં એ વાત કેમ આવી શકે ? આ ભવ્ય લલાટ, આ વિજયી સૌંદર્ય અનાથતાનો સાફ ઇનકાર ભણે છે !"

"ખોટી વાત નથી શ્રેણિકરાજ ! હું ખરેખર અનાથ છું !" મુનિવરે અવાજમાં આત્માનું વજન મૂક્યું.

"તો એક ક્ષણવાર આપનાં વચન માની લઇ વિનયથી આમંત્રણ કરું છું. રાજમહાલયમાં પધારો, આપના પગલે પગલે ધન–સામગ્રી અને રૂપના ઢગ થશે. મગધનું રાજ્ય શક્તિવંતોનાં મૂલ્ય મુલવી જાણે છે. ગિરિવ્રજની પ્રજા આપને વધાવી લેશે" શ્રેણિકે સંકોચપૂર્વક વિનંતિ કરી.

"રાજન્ ! મારી અનાથતા એવી નથી કે જે તમારા ઉપાયોથી દૂર થાય. મારી અનાથતા પાછળ જીવનની સ્મૃતિઓ પડી છે. એ અનુભવ એવો છે કેઃ–એ અનાથતાને નથી નીવારી શકાય તેમ કે નથી એ અનાથતાને દૂર ઠેલી શકાય તેમ. વિનય–અવિનયનો સંકોચ રાખવાની કશી જરૂર નથી" મુનિરાજ તરફથી જવાબ મળ્યો.

"તો તો મારે એ 'વિચક્ષણ અનાથતા'નાં સંસ્મરણો સાંભળવા પડશે મુનિવર્ય ! આપ કૃપા કરીને તે પૂર્વ કથા કહો." શ્રેણિકના અવાજમાં જિજ્ઞાસા હતી. મગધના નાથ ધરતી ઉપર સરખા બેસી ગયા.

"પૂર્વ જીવનના સુખભોગ અને વૈભવોને યાદ કરવા એ વૃત્તિઓને રમતી મૂકવા જેવું હોઇ સાધુજીવનને બાધકરૂપ છે. છતાંય અનાથતાની ગુંચ ઉકેલવા આજ એ કથા હું આપને કહીશ. મારા જીવનનો સ્વાધ્યાય મને વધુ દ્રઢ–વધુ સાવચેત બનાવે." આટલું બોલીને મુનિ મૌન બની ગયા. નયનો બીડાઇ ગયાં. આત્મા જીવન સ્વાધ્યાયમાં સ્નાન કરવા ચાલી ગયો. શ્રેણિકરાજ શાન્ત બેસી રહ્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થોડી પળો વીતી. મુનિરાજનાં નયનો ખૂલ્યાં. એ નયનોમાં નિશ્ચલતાનું તેજ ચમકતું હતું. એમની વાણીમાં જીવનકથાનાં પાનાં ઉકેલાવા માંડયાં, એમાં કશો ભય કે આશંકા નહોતાં. એ અવાજમાં મંગળતાનો મીઠો ઝીણો રણકાર હતો.

" મગધરાજ ! કોસંબીનગરમાં મારા પિતા નગરશેઠ ધનસંચય વસે છે. મારી વાત્સલ્યમયી માતા હયાત છે. હું એ શ્રીમંત કુટુંબનું એકનું એક સંતાન છું. શ્રીસુલભ કોઈ વૈભવ–સામગ્રીની એ ગૃહમાં કદી કશી કમીના નથી. રાજ્ય અને પ્રજામાં ગૌરવ અને માનપ્રતિષ્ઠા છે. સંસ્કારી વાતાવરણમાં મારો ઉછેર થયો હતો. યોગ્ય કેળવણી મને મળી હતી. દ્રવ્યોપાર્જનની કોઈ ચિંતા નહોતી. સામગ્રીની વિપુલતાએ મને રસભોગી બનાવ્યો હતો. સાથે સાથે સંસ્કારી વાતાવરણ, મુનિરાજોના સહજ પરિચયે તત્વજ્ઞાન મારો પ્રિય વિષય બની ગયો હતો, મિત્રો સાથે ઊંડી ચર્ચા કરતો–મુનિરાજો સમક્ષ ગુંચો ઉકેલતો, બંધન અને મુક્તિ, આસક્તિ અને અનાસક્તિની તત્ત્વચર્ચા વિવિધ સ્વરૂપે બહુ રસભરી બની રહેતી.

" એકનું એક સંતાન હોઈ માતપિતાએ મારાં આઠ સૌંદર્યવતી કુળવાન લલનાઓ સાથે લગ્ન કર્યાં હતાં. આ સંસ્કારી નારીઓ શોકયભાવ તજી–હેતાળવી સખીઓ બની મને વીંટળાઈ વળતી, કોકિલકંઠી મધુરગાન, દેહલાલિત્યને વ્યક્ત કરતું નૃત્ય, છલકાતું રૂપ, મનોભાવ સમજીને ઉચ્ચાર પહેલાં પાણીને બદલે દૂધ હાજર કરતું અનુગામિનીપણું અને ભોજન સ્નાન નિદ્રા અને ભોગમાં નીતરતા સ્નેહ વાત્સલ્યે આ વિવિધ નૈપુણ્યભરી નારીઓએ આ પૃથ્વી ઉપર મારું સ્વર્ગ રચી દીધું હતું. એ સ્વર્ગમાં હું એ દેવીઓ સાથે દેવસમો રમતો–વિહરતો હતો. સંસારનાં કલેશ દુઃખનો મને સ્વપ્ને પણ સ્પર્શ નહોતો.

'આ સહજ પ્રાપ્ય; વિયોગ કલેશ રહિત રસ ઉલ્લાસ વચ્ચેય તત્વજ્ઞાન મારો પ્રિય વિષય મટ્યો નહોતો. રસભોગ વચ્ચેય હું નિર્લેપ છું. મારો આત્મા બંધન રહિત અનાસક્ત યોગી સમો આ સંસારસ્વર્ગમાં વિહરે છે. એવું મારા હૃદયમાં ગૌરવ રહેતું, વિયોગ કે દુઃખનો કયારેક આછેરો સ્પર્શ થયો હતો તો અનાસક્ત ભાવની આળી ચામડી ઘવાત પણ અનંત રસ સાગરે એ ગૌરવને અખંડ અને અસ્પર્શ્ય રાખ્યું હતું.

'પણ શ્રેણિકરાજ ! એક દિવસ એ ભ્રમજાળને તોડતી મંગળ ઘડી આવી પહોંચી. મને ભયંકર શિરોવેદના ઉપડી. માથું ફાટવા લાગ્યું. આંખોના ડોળા બહાર નીકળી પડશે એવી અસહ્ય વેદના થવા લાગી અંગેઅંગની નસો તૂટવા લાગી. દેહની વિકળતાએ ભાન ભુલાવી દીધું રસ ભોગ વિસરી ગયા. આંખમાંથી ચોધાર અશ્રુ પડવા લાગ્યા. માતાપિતા–મિત્રો, સગાંવહાલાં, સ્ત્રીઓ સૌ વીંટળાઈ વળ્યાં, વૈદો, હકીમો આવ્યા. દવાઓ–લેપ શરુ થયા પણ બધું નકામું. ! વેદના તો બસ વધતી જ રહી. દોરા ને ધાગા કર્યાં. બાધાને આખડીઓ રાખી પણ દરદે તો જાણે પાઠ શીખવવા આવી પહોંચ્યું હોય તેમ મચક ન આપી.

સુંવાળી સેજ કાંટાળી બની ગઈ. માતાના મમતાભર્યા શબ્દો–વાત્સલ્યભર્યા હાથ અને પિતાનું આશ્વાસન નિષ્ફળ ગયાં. મહારાજા મારી ખબર લેવા આવી ગયા. રાજહકીમો મોકલ્યા. નગરમાં વાત ફેલાતાં સેંકડો નરનારીઓ ખબર પૂછવા આવી ગયાં. તેમના બતાવેલા અનેક ઉપચાર કર્યા પણ નિરુપાય. પ્રિયતમાઓના મૃદુ સ્પર્શો, નૃત્યગાન, મીઠી વાતો. દેહ પાથરીને સુખ આપવાની તેમની તાલાવેલી બધું અકારું થઈ પડયું. ચંદનના લેપ–અત્તરના છંટકાવ–મઘમઘતાં ફૂલની પથારીઓ–બગીચાઓની હવા–બધો સુખ વૈભવ–વિપુલ ધન સંપત્તિ મારા આત્માને સુખની એક પણ લહરી ન સ્પર્શાવી શકી. ઉઠવું, બેસવું, ઉંઘવું બધું અશક્ય બની ગયું. રાડ ચીસ અને અશાતાનો પારાવાર હીબકી રહ્યો. તત્ત્વજ્ઞાન અને ફિલસૂફી બધું વિસરી જવાયું. એની વાતો કરવાનીએ હવે ધીરજ રહી નહોતી. સુખસાગર જેવા જ દુઃખ–દરિયામાં હું ડૂબી ગયો. સ્વજનો મારી સાથે અશ્રુ-સારવા લાગ્યાં, નારીઓ કલ્પાંત કરી–કરીને રાતી થએલી આંખે અનિદ્રિતપણે ખડેપગે મારી સારવાર કરતી હતી. પણ હજાર પ્રયત્ને મને શાંતિ મળતી નહોતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધાં અસહાય લાચાર અને અનાથ બની ગયાં! મગધના નાથ! એવી અનાથતાના નાથ, આપ બની શકશો?" મુનિરાજ થંભ્યા.

"ના મુનિરાજ! એમાં તો મારું મગધનું સ્વામિત્વ પણ નિરુપાય છે! એ ઘડીએ તો હું પોતે પણ અનાથ છું મુનિરાજ!" રાજવી બોલતાં બોલતાં હાથ જોડી ગયા. વફાદાર અશ્વ પણ જાણે આ ગંભીર વાતોને સમજવા મથતો હોય તેમ શાંત ઊભો હતો. વાતાવરણમાં કરુણાર્દ્રતા પથરાઇ ગઇ હતી.

"દિવસ ને રાત મારી વેદના ઉત્તરોત્તર વધતી જ ચાલી. રીબાતાં મુંઝાતાં મારા પ્રાણ કંઠે આવી ગયા. એક રાત્રે આ દશામાં સ્વજનો નિસાસા નાંખતાં આડે પડખે પડ્યાં હતાં. માતા અને સ્ત્રીઓ મૃદુ હાથે મારા દેહને પંપાળતાં પથારીની ચોમેર બેઠાં હતાં. હું નિશ્ચેતન પડ્યો હતો, ત્યારે મારા હૃદયદ્વારે કોઇ ઝીણો તીવ્રસ્વર સંભળાયો:–"આત્મા અને દેહ ભિન્ન છે એ તત્ત્વ શું જૂઠું હતું? રસભોગોમાં વરતાતું મુક્તાત્માનું ગૌરવ આજ ફટકીયું મોતી કાં બની ગયું છે? આ કસોટીની ઘડી છે. જો દેહ અને આત્મા અલગ છે તો વેદનામાં વ્યગ્રતા શી? દેહનાં દુઃખ દેહને ભોગવવા દે પણ આત્મા શાને પ્રસન્નતા છોડી રાંક અનાથ બની ગયો છે? દર્દને પોતાનાં માની આત્મભાન શીદને ભૂલી જાય છે?" આમ જાણે કોઇ ટકોરા મારી મારી અંતરમાંથી અવાજ ઊઠ્યો. "દેહનાં દુઃખને ભૂલી જા! આત્મપ્રસન્નતાના રતનને કોટી ઉપાયે જતનથી જાળવી રાખ!" થોડી વાર આમ તરંગો ઉછળતા રહ્યા. મારો આત્મા એ દિશામાં જરાક વળ્યો. એને ચેતન આવતું લાગ્યું–વેદનામાંથી આત્મા જાણે અલગ પડવા લાગ્યો–વેદનામાંથી મારી ઢીલાસ ઓસરવા લાગી. વેદના તો હજુ એક સરખી ચાલુ હતી. આત્માને અકળાવતી હતી. પણ જાણે આત્મા અકળાવાની ના પાડતો હતો. ઇંડાના કોચલાને ફોડી બહાર નીકળેલું નવનીત પંખી જાણે પાંખો ફફડાવતું હતું.

"આમ સવાર સુધી આત્મા અને વેદનાનો ગજગ્રાહ ચાલુ રહ્યો. હજુ એકે હારતાં નહોતાં પણ વેદનાનું બળ જાણે તુટતું હતું. વ્યથા છતાં વ્યગ્રતા ઓછી હતી. વેદનાની કોઢમાં ધખતા લોઢાને હવે ધમણની ફુંક લાગતી નહોતી."

"દિવસે કાંઇક ઠીક લાગવા માંડ્યું. આત્મા દૂર જતાં વેદનાની ગરમી ઠંડી પડવા લાગી. બપોરે થોડીક શાતા વળતાં નિદ્રાએ મારા દેહને ગોદમાં લીધો. થોડા વખતના આરામે આત્મામાં બળ પુરી દીધું. ક્રમે ક્રમે આરામ વરતાવા લાગ્યો. વેદના ચાલી ગઇ. સ્વજનોના શ્વાસ બેઠા. માતપિતાને નિરાંત વળી. પ્રિયનારીઓ આનંદિત બની ગઇ. આજ એમના દેહો પૂરબહારમાં ખીલી ઊઠ્યા હતા. મને પ્રસન્ન ચિત્ત કરવા તેઓ વિવિધ પ્રકારના આલાપસંલાપ કરતી ઘેરી વળી. હું તેમની આનંદગોષ્ટિમાં અશક્ત શરીરે રસ લેવા લાગ્યો પણ મારું પરિવર્તન થઇ ગયું હતું. પડળ ખુલી ગયાં હતાં. મારા મુક્તાત્માનું માપ મને મળી ગયું હતું. મારી અહંતા ચાલી ગઇ હતી. હવે ફરી અખતરો કરવાની મારી ઇચ્છા નહોતી."

"આમ એક દિવસે હું સર્વ સંગ પરિહરી ચાલી નીકળ્યો અને આત્મસાધના એ જ જેનો એકમાત્ર હેતુ છે એવા મુનિત્વને મેં અંગીકાર કર્યું. એવો હું હવે આપના સનાથત્વનો શી રીતે સ્વીકાર કરું?" મુનિરાજ આ પ્રશ્ન પૂછીને શાન્ત રહ્યા. એમના અવાજમાં ઠંડી તાકાતના પડઘા પડતા હતા, એમનો પ્રશ્ન માનવીના હાર્દને ઊંડો સ્પર્શ કરતો હતો.

"ભગવાન! અવિનય માફ કરજો! આપની અનાથતાના ઊંડાણને હું પીછાણી શક્યો નહોતો. વિલાસમાં ડુબેલા મને આપની જીવનકથા જીવનભર ચેતાવતી દિવાદાંડીરૂપ બની રહેશે! અમે સંસારનાં માનવી અનાથ છીએ! જાગૃત આત્માએ આપ તો સનાથ બની ગયા છો! અમારી મંગળ કામના આપના હૃદયમાં સદા વસતી રહો એ મારી છેલ્લી પ્રાર્થના છે!" મગધરાજ નમ્રતાથી વંદન કરી ઊઠ્યા. અત્યારે એમના વંદન–વિવેકમાં શ્રદ્ધા અને ભક્તિનો ઉમેરો થયો હતો.

મુનિરાજ અનાથતાની અલખ જગાવવા વિહરવા લાગ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આધુનિક યુગમાં અહિંસાનું તાત્પર્ય*

લેખકઃ—શ્રી જમનાદાસ ગો. શાહ, સમાહર્તા, ગોહિલવાડ જીલ્લો

ભગવાન મહાવીર પ્રભુએ ઉપદેશેલ અહિંસા પરમધર્મને અત્યારના યુગની વિશિષ્ટતા અને સંજોગોની દ્રષ્ટિયે વિચારવા આપણે એકત્ર થયા છીએ. અહિંસા એક સ્થૂળ અર્થમાં જીવદયા તરીકે ગણાય છે પણ માનવ હૃદયનો આ એક વિશિષ્ટ પ્રેમ સંદેશ છે. એ મહત્વની બાબત તરફ ઘણું જ દુર્લક્ષ થયું છે.

આ સૃષ્ટિનો ક્રમ અહિંસક છે કે હિંસક છે તે વિષે ઘણાં વિચારકો અને જ્ઞાનિયો તરફથી જુદા જુદા ઉત્તર મળે છે. ઘણાઓ માને છે કે ઇશ્વરે આ સૃષ્ટિ ઉત્પન્ન કરી તેની સાથે હિંસાને પણ સ્થાન આપ્યું છે. વાઘ, સિંહ, મગર, સર્પ વિગેરે અનેક પ્રાણીયોનું ભક્ષણ હિંસામાંથી જ થાય છે. મોટા જીવો નાના જીવોને મારીને જ આગળ વધ્યા છે. માનવ ઇતિહાસમાં પણ યુદ્ધો અને ધર્મયુદ્ધો સારી સંખ્યામાં લખાયેલ છે. દુર્બળ, અશક્ત અને માયકાંગલા માટે આ સૃષ્ટિમાં સ્થાન નથી. તાકાત અને બાહુબળ ઉપર જ કોઇ પણ રાષ્ટ્ર, સમાજ આગળ વધ્યો છે અને આગળ વધી શકે છે. આ વિદ્વાનોને મન હિંસા એ કુદરતી વસ્તુ છે. અહિંસા એક કૃત્રિમ વસ્તુ લાગે છે.

એક વાત સ્પષ્ટપણે સમજી લેવી જોઇએ કે પશુઓને માટે હિંસા કુદરતી ક્રમ છે. વાઘ, સિંહ, દીપડા, મગર કે સર્પને અહિંસક બનવાનો ઉપદેશ કોઇએ કર્યો નથી પણ જે પશુ યોનિમાંથી વિકાસ પામી માનવનું સર્જન થયું તે માનવને માટે અહિંસાનો ઉપદેશ છે. મનુષ્ય યોનિમાં અને પશુ યોનિમાં તફાવતની જે સીમા દોરી છે તે એ જ છે કે પશુ પક્ષિઓ પોતાની સહજ એવી કુદરતી વૃત્તિઓથી પ્રેરાઇ જીવન વિતાવે છે. મનુષ્ય પોતાની સહજ અને કુદરતી વૃત્તિઓને સંયમમાં રાખી વિવેકબુદ્ધિ વાપરી પોતાનું જીવન માત્ર પોતા માટે જ નહિ પણ સમાજને માટે વિતાવે છે.

હજારો વર્ષ પહેલાં પશુમાંથી મનુષ્યનો ઉદય થયો, ત્યારે માણસ માણસને પણ ખાતો, તે શીકારી હતો, નગ્ન અવસ્થામાં તે જંગલમાં ભટકતો હતો. પણ કુદરતે તેનામાં એક વિચારશકિત મૂકી હતી. મનુષ્ય કરતાં અનેકગણા વધારે કદાવર અને તાકાતવાન પ્રાણીઓ જે ન સમજી શકે તેવા કુદરતી રહસ્યો મનુષ્ય સમજી શકયો. તેણે જોયું કે જમીનને ખોતરવાથી અને તેમાં બી વાવવાથી ખાઇ શકાય તેવી વસ્તુ પાકે છે. એટલે તેને માણસને ખાવાની સૂગ આવી, શીકાર ઉપર કંટાળો આવ્યો. તેણે જમીનની ખેડ માંડી, પશુપાલન શરૂ કર્યું. રસોઇની કળા હાથ કરી. સ્થિર કુટુંબવ્યવસ્થા અને લગ્નવ્યવસ્થા સ્થાપી. ક્રમશઃ જ્ઞાતિમંડળ અને કોમરચના કરી. ગામડા અને શહેરો વસાવ્યા અને જેમ જેમ તેનો વિકાસ થતો ગયો તેમ તેમ સામાજિક વર્તુલમાં તેણે હિંસા અને મારામારી દૂર કરી. નીતિ અને કાયદો, ધર્મ અને વિવેક, સેવા અને તપશ્ચર્યાના અંકુરો વાવ્યા, પોષ્યા અને વિકસાવ્યા અને તે રીતે જ આજે કરોડો માણસોનો આ માનવસમાજ શાંતિથી જીવન વિતાવવા પ્રયાસ કરી રહ્યો છે.

ઇતિહાસમાં ૨ થી ૫ હજારના કાળ ઉપર નજર નાંખીએ તો દેખાશે કે તે ધીમે ધીમે યુદ્ધ અને લડાઇ માણસ પોતાના વર્તુલની બહાર કાઢતો ગયો છે.

ક્ષત્રિયો અંદર અંદર લડતા, નાના રાજ્યો અંદર અંદર લડતા. આ બધી વસ્તુઓ ભૂતકાળમાં બની છે. જેને આપણે એક રાજ્ય અને એક રાષ્ટ્ર કહીએ છીએ તેના સીમાડામાં તો દરેક પ્રશ્ન અને દરેક પ્રસંગ શાંતિથી, સમજાવટથી અને કાયદા-કાનૂનથી પતાવવા આવે છે. માનવ શાંતિનાં વિકાસનું એક છેલ્લું પગથિયું બાકી છે અને તે આંતરરાષ્ટ્રીય ઝગડાઓ શાંતિ અને સમજાવટથી, ન્યાય અને

* ભાવનગરખાતે નવાપરા જૈન પ્રગતિ મંડળ યોજિત વ્યાખ્યાનમાળામાંથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીતિથી ઉકેલ લાવવાનું અને હિંસા અને યુદ્ધને પૃથ્વીના ગૃહ ઉપરથી સદંતર નાબૂદ કરવાનું.

હિંસા જો માનવ સમાજનું એક મુખ્ય બળ હોત તો મુઠીભર જંગલી, શીકારી માણસોમાંથી માનવ સમાજ વિકસતો વિકસતો આજની કક્ષાએ ન પહોંચ્યો હોત. સંભવ છે કે માણસ કરતાં પણ અનેકગણી તાકાત ધરાવનારા મહાકાય પ્રાણીઓ આ સૃષ્ટિમાંથી નાશ પામ્યા તેમ માનવ પણ નાશ પામી ચૂકયો હોત, પણ માણસ જીવ્યો છે, તેણે વિકાસ કર્યો છે તે જ વસ્તુ બતાવે છે કે પશુઓની કુદરતી વૃત્તિઓ ઉપર અદ્દ્ભુત કાબૂ અને સંયમ મેળવી શકયો છે. માણુસને આપણે સામાજિક પ્રાણી કહીએ છીએ પણ તેમાં મહત્ત્વ "પ્રાણી" શબ્દનું નથી પણ "સામાજિક" શબ્દનું છે. મનુષ્યમાં પશુથી જુદી પડે તેવી ત્રણ શકિતઓ છેઃ—

૧. કાર્યકારણ સંબંધ

૨. સૌંદર્ય અભિમુખતા

૩. ધર્મભાવના

આને કારણે જ મનુષ્ય પશુરૂપે હિંસક હોવા છતાં તેનો આત્મા અહિંસક છે અને આ અહિંસામાંથી માનવતા, માનવપ્રેમ, શાંતિ અને બંધુભાવનાનો ઉદય થયો છે.

આ રીતે સૃષ્ટિના ઉત્પત્તિ-દિનથી અહિંસા આગળ વધતી ગઇ છે. વચમાં વચમાં હિંસાએ ડોકિયું કર્યું છે, યુદ્ધ અને હિંસાએ કેટલીક વખત આપણને આંજી દીધા છે તેવું પણ બન્યું છે. હિંસક યુદ્ધોની ગુણગાથાઓ આપણે સાંભળીએ છીએ, પણ માનવ સમાજના ઉત્ક્રાંતિનો સળંગ ઇતિહાસ કોઈ આળેખે તો તેમને ખાત્રી થશે કે હિંસા અને હિંસક યુદ્ધથી કોઈ વાર ફાયદો થયો હશે પણ મોટા ભાગે તો તેથી નુકશાન જ થયું છે, સામાજિક નીતિ અને વહેવાર ભયમાં પડયા છે. જ્યારે અરસપરસ શાંતિ અને સમજણથી, ન્યાય અને પ્રેમથી રહેવાની અને જીવવાની શક્તિમાંથી એક સંસ્કારી સમાજ ઊભો થયો છે. આમ અહિંસા એ જ માનવતાની પ્રેરક શાશ્વત શક્તિ છે. અહિંસાને વિજ્ઞાન અને શાસ્ત્ર તરીકે વિકસાવવાથી જ યુદ્ધ અને ભયંકર હિંસાની કલ્પના આપણને ડરાવે છે, તે દૂર કરી પૃથ્વીના આ ગ્રહને સાચી અને શાશ્વત શાંતિ આપી શકાય તેમ છે.

આ વિશ્વના બધા પેગંબરો અને મહાપુરુષોએ પ્રેમ, શાંતિ, ભ્રાતૃભાવ અને અહિંસાનો ઉપદેશ આપ્યો છે, પણ અહિંસાને પરમધર્મ તરીકે આજથી ૨૪૦૦ વર્ષ પહેલાં ભગવાન બુદ્ધ અને મહાવીર પ્રભુએ ઉપદેશ્યા. તે જમાનામાં પુરોહિતો મારફત ચાલતા યજ્ઞ, હવનોમાં જે મોટા પ્રમાણમાં પશુઓના બલિદાન દેવાતા અને અર્થહીન જીવહિંસા થતી તેથી ભગવાન મહાવીરના હૃદયમાં આઘાત થયો. કરુણાપ્રધાન હૃદયના તાર ઝણઝણ્યા અને તેમાંથી અહિંસા એક પરમધર્મ તરીકે પ્રગટ્યો.

ભગવાન મહાવીરે પશુહિંસા અટકાવવા પુરુષાર્થ કર્યો. વર્ણ ભેદ, જ્ઞાતિ ભેદ અને જાત-ભેદનો ઇન્કાર કરી, જીવનનું તત્ત્વજ્ઞાન સમજાવ્યું. ધર્મનો ઉપદેશ પણ પુરોહિતોની સંસ્કૃત ભાષામાં નહિં પણ તે યુગના લોકો સમજી શકે તેવી લોક-ભાષા-માગધીમાં કર્યો. આ રીતે પશુહિંસામાં ધર્મ માનનાર પ્રજાને તેમણે અહિંસાનો સંદેશો આપ્યો. ભગવાન મહાવીરના અનુયાયીઓ તરીકે આપણે અહિંસાને સમજીએ તો જ્ઞાતિભેદ, વર્ણભેદને જૈન ધર્મમાં કે તત્ત્વજ્ઞાનમાં સ્થાન ન હોઇ શકે તો અસ્પૃશ્યતાને તો જૈન ધર્મમાં કે જૈનોની વ્યવસ્થામાં અવકાશ જ ક્યાં છે? ધર્મનો ઉપદેશ અને ધર્મનું શાસ્ત્ર લોકભોગ્ય ભાષામાં હોઇ શકે તે મહાવીર ભગવાનના જીવનવૃત્તાંતમાંથી શીખવાનું મળે છે.

૨૪૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરે અહિંસાનો ધર્મ ઉપદેશ આપ્યો ત્યાર પછી તો ઇતિહાસે હરણ-ફાળો ભરી છે. સમાજ બદલાયો છે. સ્થિતિ સંજોગો બદલાયા છે અને તે દ્રષ્ટિએ અહિંસાનું શાસ્ત્ર અને વિજ્ઞાને પણ આજના યુગને ઉપયોગી થવું હોય તો વિકસવવું રહ્યું.

આજે ભગવાન મહાવીરના અનુયાયીઓ અહિં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાને જે રીતે સમજે અને આચરે છે તેમાં મને સંકુચિતતા દેખાય છે. મારે મન તો પ્રશ્નો એ છે કે–

**(૧) "અહિંસા" એટલે "જીવદયા" કે માનવ માનવ અને સમાજ સમાજ વચ્ચેના શુદ્ધ વહેવારનું શાસ્ત્ર." ?**

૨. અહિંસાનું વ્રત પાલન માત્ર દેરાસર, ઉપાશ્રયમાં કે આપણા સમગ્ર જીવન વ્યવહારમાં ?

૩. અહિંસાનો ધર્મ માત્ર જૈનો માટે કે માનવ જાત માટે ?

૪. અહિંસા કોઇ એક બંધીવાન કે સ્થગિત થઇ ગયેલ, નિર્વીર્ય વિચાર છે કે ગતિશીલ ક્રાંતિકારી માનવ સમસ્તને પ્રેરણા આપનારૂં બળ છે ?

માનવ માનવમાં અહિંસા અને પ્રેમનું સામ્રાજ્ય સ્થાપવું હોય તો અત્યારના ઝેરવેરના કારણો તપાસવાં જોઇએ અને દૂર કરવાં જોઇએ. દરેક રાષ્ટ્રમાં અત્યારે જે મોટામાં મોટી અથડામણ છે તે અત્યારની સમાજ-રચનામાં પડેલા બે દોષોમાંથી ઉપસ્થિત થાય છેઃ–

૧ સામાજિક અસમાનતા.

૨ આર્થિક શોષણ.

ઊંચ–નીચના ભેદ અને કરોડો માણસોની ભયંકર કંગાલીયત એ આ યુગની સમસ્યા છે. લાખો અને કરોડો માણસો ગરીબાઇમાં જીવે છે. સંસ્કારી અને સુખી માણસ તરીકેનું જીવન તેના માટે લભ્ય નથી. પ્રસંગોએ દયા–દાન કરવાથી કે પાંજરાપોળ, અનાથ–આશ્રમ, ભીખારીઓને મીષ્ટાન્ન કે ગરીબોને જમણ આપવાથી ગરીબાઇના ભયંકર દર્દનો કોઇ ઇલાજ નથી. સંપત્તિનું ઉત્પાદન, તેની ન્યાયપૂર્વકની વહેંચણી, સૌને સમાન તક મળે એવી સ્થિતિ નિર્માણ થાય તો જ તેમાં માનવકલ્યાણનો વિકાસ રહેલો છે. મુઠીભર માણસો સમૃદ્ધિમાં મહાલે અને કરોડો કંગાલોને માટે જીવનની કોઇ આશા ન હોય તે ચાલી શકે નહિં અને કોઇ સાંખી શકે પણ નહિ. આર્થિક શોષણ અને સામાજિક અન્યાયો દૂર કરવા માટે રશીયા અને ચીન જેવા દેશોએ એક માર્ગ લીધો. હિંદુસ્તાનની ભૂમિ ઉપર હજારો વર્ષ થયાં ધર્મના ઉપદેશકો પાકયા છે અને વિશ્વને શાંતિ અને પ્રેમનો સંદેશો આપ્યો છે. રાષ્ટ્રીય આઝાદી માટે પૂ. ગાંધીજીએ અહિંસાના ધર્મને એક નવો રંગ આપી, નવી શક્તિ આપી, અહિંસાને એક શાસ્ત્ર બનાવ્યું. બીરુ અને આશાહીન દેશવાસીઓમાં નિર્ભયતા અને આશા પ્રગટાવી. ૨૦–૨૫ વર્ષના અહિંસાના ઉપદેશમાંથી એક તાકાત આ દેશે મેળવી અને આપણે સ્વતંત્ર બન્યા. રાજકીય સ્વતંત્રતા પછીના જે પ્રશ્નો–સામાજિક સમાનતા લાવવાનો અને આર્થિક શોષણ દૂર કરવાનો–આ બંને પ્રાણપ્રશ્નોનો ઉકેલ પણ યુદ્ધ, અને ખુનખરાબી વગર અહિંસાને માર્ગે થઇ શકે તેવી શકયતા આ દેશની ધર્મ ભાવનામાં, સંસ્કૃતિમાં અને વારસામાં પડેલી છે.

બીહારની જે પવિત્ર ભૂમિ ઉપરથી ભગવાન મહાવીર અને બુધ્ધે ૨૪૦૦ વર્ષ પહેલાં અહિંસાનું એક ધર્મ તરીકે સ્થાપન કર્યું. તે જ પવિત્ર ભૂમિમાં સને ૧૯૧૭ માં પૂ. ગાંધીજીએ ચંપારણમાં કંગાલ અને આશાહીન એવા ખેડૂતોને અહિંસક શક્તિનો મર્મ સમજાવ્યો અને સત્યાગ્રહનો માર્ગ દેશમાં અંકિત કર્યો. ૧૯૫૧ થી એ જ પુણ્યભૂમિ ઉપર પૂ. ગાંધીજીના અનુયાયી પૂ. વિનોબાએ આર્થિક શોષણ સામે એક અહિંસક ક્રાંતિ કરી રહ્યા છે. ભૂમિદાન અને સંપત્તિદાન મારફત તેઓ આ દેશની પ્રજામાં આર્થિક સમાનતા લાવવાનો પ્રયાસ કરે છે. જમીનદારો અને શ્રીમંતો પાસેથી જમીન અને સંપત્તિદાન તરીકે લે છે. અને આ રીતે તેમનો ભૂદાન અને સંપત્તિદાનનો અહિંસક ક્રાંતિકારી પયગામ આગળ ચાલે છે.

આ યુગમાં એકલદોકલની અસંગઠિત હિંસા નાકામયાબ બની છે. રાજ્યો અને મહારાજ્યોએ ઊભી કરેલી સંગઠિત હિંસાથી અને એટમબોમ્બ જેવા વિનાશક શસ્ત્રોથી માનવ જાતને નાબૂદ કરે એવા સંજોગો ઊભા થઇ ગયા છે. આજે તો માનવ જાતની હસ્તી રહેશે કે નહિં તે જ પ્રશ્ન છે અને તેનો જવાબ અથવા ઉકેલ જ્ઞાનપૂર્વકની કેળવેલ અહિંસક શકિત અને શોષણ રહિત સમાજવ્યવસ્થામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અભેદ્ય પ્રેમ

લેખક : અમરચંદ માવજી શાહ

"**પ્રેમ**" કેવો સુંદર પુષ્પની સૌરભ જેવો પવિત્ર શબ્દ ! જ્યાં પ્રેમ થયો ત્યાં સ્નેહ બંધાયો, સ્નેહ થયો ત્યાં રાગદશા પ્રગટી. એકની ઉપર પ્રેમ થયો–સ્નેહ થયો–રાગ થયો ત્યાં અન્ય અનિષ્ટ લાગતા પદાર્થ ઉપર દ્વેષ થયો. આમ એક તરફ રાગ અને બીજી તરફ દ્વેષ થયો ત્યાં પ્રેમનું સ્વરૂપ પલટાઈ ગયું. પ્રેમે મોહનો સ્વાંગ સજ્યો **अहं** ને **मम** હું ને મારું એવા સંકુચિત ભાવમાં આત્માનું સ્વરૂપ અટવાઈ ગયું. પોતાને પ્રિય લાગતા પદાર્થો શબ્દો–રૂપો–રસો–ગંધો–સ્પર્શોમાં મોહથી રાગી થયો. અનિષ્ટ લાગતા અપ્રિય લાગતા પદાર્થોનો દ્વેષી બન્યો અને પરિણામે પરવસ્તુમાં અહં ને મમ થવાથી ઊંધું ચક્ર ફરી ગયું. સંસાર ભણી રથ ચાલવા માંડ્યો. મારું ઘર, મારી સ્ત્રી, મારા બંધુ, મારા મિત્રો, મારું ધન, મારી ભૂમિ આમ જ્યાં ત્યાં મારાપણાની બુદ્ધિએ પરને પોતાનું કરવામાં પોતાની અનંતી શક્તિ આ રીતે આ આત્મા અનાદિ કાળથી વેડફી રહ્યો છે. પરિણામે આ મમતાથી તે સંસારમાં અનેક યોનિઓમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તેને કદાપિ સમતા કે સાચી શાંતિ સાંપડી નથી તે મોહને પ્રેમ માનીને ભૂલવણીમાં પડ્યો છે, પોતે પોતાને ભૂલી પરને પોતાનું માની પરભાવમાં પરદ્રવ્યમાં પરવસ્તુમાં રમણતા કરી રહ્યો છે. મોહના ગંધાતા ખાબોચિયામાં એ પ્રેમનાં મૌક્તિક શોધી રહ્યો છે, તેને સાચી સમજણ મળી નથી. આત્માનાં સાચા સ્વરૂપની તેને જાણ નથી. એકની ઉપર રાગ અને એકની ઉપર દ્વેષ એ પ્રેમનું લક્ષણ નથી. પ્રેમ તો એક સરખા પ્રવાહવાળો અંતરમાંથી વહેતા ઝરણાથી અભેદ્ય સ્વરૂપ છે. તેને ઇષ્ટ કે અનિષ્ટ જેવું કાંઈ ન હોય. તેને ઇષ્ટમાં અનિષ્ટમાં સમબુદ્ધિ હોય, ઇષ્ટને ઇષ્ટ જાણે અનિષ્ટને અનિષ્ટ જાણે પણ તેનાં ઉપર રાગ કે દ્વેષ ન કરે ત્યારે એ પ્રેમ પરાકાષ્ઠાએ પહોંચે. એ દિવ્ય પ્રેમીના અંતરમાં કોઈ અગમ્ય પ્રકાશ હોય છે. ચક્ષુઓમાં પ્રેમનાં કિરણો દેખાય છે. તેને સ્તુતિ કરનાર પર રાગ નથી. નિંદા કરનાર ઉપર દ્વેષ નથી. સૂકો રોટલો મળે કે માલપુવા મળે તેને મન બન્ને સમાન છે. તેને પ્રેમ તેનાં આત્મા પ્રતિ જ હોય છે. તેનો સાચો મિત્ર–તેનો આત્મા છે–તે પોતાની સમાન સર્વે આત્માઓને જાણે છે. તેના દેહનાં પર્યાય ઉપર તેની દૃષ્ટિ નથી. તેનાં કર્મની વિચિત્રતા ઉપર તેની દૃષ્ટિ નથી. તેના અંદર રહેલા દિવ્ય આત્મા પ્રત્યે તેની દૃષ્ટિ છે. તે દરેક આત્માને આત્મભાવે જાણે છે, જુએ છે, તેને ચાહે છે. આવો અભેદ્ય પ્રેમ પ્રગટવો એ ઘણી મહાન્ સિદ્ધિ છે. એ સિદ્ધિનાં દર્શન થતાં જાતિવૈર ધરાવતાં પ્રાણીઓ પણ તેનાં સાનિધ્યમાં આવતાં જાતિવૈર ભૂલી જાય છે. આત્માની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે આત્મ પ્રેમ–અભેદ્ય પ્રેમ એક મહાન્ સાધન છે, એ પ્રેમ ગંગામાં સ્નાન કરતો અનંતા કર્મોને પક્ષાલી નાખે છે, તે શુદ્ધ થાય છે–સિદ્ધ થાય છે.

આવો અભેદ્ય પ્રેમ પ્રસરાવવા માટે આપણે થોડી થોડી પણ જીવનમાં શરૂઆત કરવી જોઈએ. મધ્યસ્થ રહેવાની રાગ–દ્વેષ તરફ નહિં ઢળવાની વૃત્તિ કેળવવી જોઈએ. એ વૃત્તિ કેળવવા માટે જીવનને સંતોષી-સરળ–નિરભિમાની અને ક્ષમાશીલ બનાવવું

---

પડેલાં છે. શોષણહીન, શાંતિપ્રિય માનવ સમાજ એ જ આજના યુગનો અહિંસક સંદેશ છે અને ભગવાન મહાવીરના યુગથી જન્મ પામેલ આ ધર્મને પૂ. ગાંધીજીએ. પૂ. વિનોબાજીએ આપણા યુગમાં વિશિષ્ટ તેજ આપ્યા છે અને આપણે આધુનિક યુગમાં અહિંસાનું તાત્પર્ય સમજીએ, તેમના વિચારોનું મનન કરીએ, તેમની પ્રવૃત્તિઓમાં સમજપૂર્વક સાથ આપીએ તે આપણું આજનું કર્તવ્ય છે. જૈનધર્મ પૂ. ગાંધીજી અને પૂ. વિનોબાજીના સિદ્ધાંતો અને પ્રવૃત્તિઓ સમજશે તો તે વધારે શોભશે અને આજના યુગમાં સાચું સ્થાન પ્રાપ્ત કરી શકશે તેમ લાગે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ, માન અપમાન. સ્તુતિ–નિંદા, સુખ દુઃખ શાતા, અશાતામાં સમતા કેળવવી જોઇએ. સમતાથી મમતાને હઠાવવાથી શુદ્ધ પ્રેમને વહન થવાનો માર્ગ મળશે. આડોઅવળો–ચોતરફ–વીંખાઇ–પીંખાઇ જતો પ્રેમ એક રસરૂપે જીવનમાં વહેવા માંડશે. પ્રેમની અખંડ જ્યોત પ્રદીપ્ત થશે. અને તેનાં પ્રકાશમાં આડે આત્માઓને પ્રકાશ મળશે. જ્યાં ભેદભાવ છે, મારું તારું છે, ત્યાં પ્રેમ નથી પણ માત્ર મોહ જ છે. આ મોહથી સંસારનું પરિભ્રમણ છે. આ પરિભ્રમણનો અંત લાવવા માટે પ્રેમસ્વરૂપ પ્રગટાવવું જોઇએ. આવો પ્રેમ સંપાદન કરવા આત્માને પુદ્ગલનું સ્વરૂપ જાણવું જોઇએ. કર્મનું સ્વરૂપ જાણવું જોઇએ. કર્તા ભોક્તા કાર્ય કારણ વિગેરેનો નિર્ણય કરી, પોતાનાં સ્વરૂપમાં સમાઇ જવા માટે પોતાના આત્મા ઉપર પ્રશસ્ત પ્રેમ પ્રગટાવવો જોઇએ. તેનાં સાધનરૂપ દેવ–ગુરુ–ધર્મ-શાસ્ત્રો ઉપર પ્રેમ પ્રગટાવવો જોઇએ. તેનો સંબંધ ગાઢ કરવો જોઇએ. સાંસારિક બાબતોમાં–ઉદાસીન બનવું જોઇએ. **नोहम् नायम्** નું સૂત્ર—હું કોઇનો નથી, કોઇ મારું નથી એવા ભાવવડે દુષ્ટ મોહને હણી નાખવો જોઇએ. **मा रुष मा तुष** દ્વારા રાગ દ્વેષનો નાશ કરવો જોઇએ. એ બે વાકયનાં પરિશીલનમાં જ અભેદ્ય પ્રેમની દીપિકા પ્રગટશે. અખંડ આનંદ પ્રાપ્ત થશે. આત્માને અનંત શાંતિ મળશે. ગુલાબ નીચેના કાંટાઓ ખરી જશે અને ગુલાબની સૌરભ પ્રાપ્ત થશે. એ દીર્ઘ પ્રેમીના પગલાં પૂજવા ભક્તોના ટોળાઓ ઉભરાશે પણ એ પ્રેમી તો–તેવા પ્રેમના આનંદમાં મસ્તાન બની તેની પરવા પણ કર્યા વગર પોતાના અભેદ્ય અલખ સ્વરૂપમાં નિજાનંદ ભોગવતો હશે.

પ્રેમ એ પરમાત્માનું સ્વરૂપ છે. મોહ એ સંસારનું સ્વરૂપ છે. તું એક વખત પ્રેમની સરિતામાં ડૂબકી માર. તને–તારા શુદ્ધ સ્વરૂપનાં દર્શન થશે. તું જેની ઉપર પ્રેમ કરીશ તે તને ચ્હાશે. તું દ્વેષભાવ ધરીશ તો તારા અનેક દુશ્મનો થશે. તું હણવું ને હણાવુંના દ્વંદ્વમાં સંસારસાગરમાં રઝળ્યા કરીશ. જો તું રાગ કરીશ તો પણ સંસારના–બંધનમાં બંધાઇ રહીશ, તું પ્રેમ કરશે તો સ્વતંત્ર થશે. તારી દૃષ્ટિને એવી કેળવ કે અનેક પ્રકારનાં રૂપો ઇષ્ટ કે અનિષ્ટ ભાવે ચક્ષુઓ જુએ, પરંતુ આત્માના ભાવમાં સમતા ટકી રહે, રાગ દ્વેષ ન કરે. તું ઇન્દ્રિયોને તેનો ધર્મ બજાવતી રોકી શકવા સમર્થ નથી પણ તેમાં રાગ દ્વેષ ન કરવા તે મારા હાથની વાત છે. તું દેહથી ઇન્દ્રિયોથી પર છો, તું જડ દ્રવ્યમાત્રથી પર છો તું એક ચિદ્દ્ઘનસ્વરૂપ છો. તારે કોઇની પ્રત્યે રાગ કે દ્વેષ કરવાની જરૂર જ નથી, પરંતુ તને અવળી સમજણથી–મોહને મિથ્યાત્વના ભાવમાં એ વસ્તુ સમજાણી નથી અને તેનું પરિણામ તેં દુઃખરૂપે ભોગવ્યું છે. તને મોહરૂપી સ્નેહ–મમતામાં ઘડીક સુખ લાગ્યું, પરંતુ અંતે તે પણ વિનાશી હોવાથી તને શાશ્વત સુખ કદી મળ્યું નથી અને તે તારે પ્રાપ્ત કરવાનું જ છે, તો આ બધા વિભાવથી વિરમ અને એક માત્ર સમભાવમાં જોડાઇ જા. વૃત્તિઓનો ગુલામ ન બન પણ વૃત્તિઓરૂપી રાક્ષસોને હણવામાં શૂરવીર થા. તારો પુરુષાર્થ એ બાજુ ફેરવ, તારા પ્રેમનાં કિરણો જગત ઉપર એવી રીતે પ્રસરાવ કે તારી બન્ને ચક્ષુ માત્ર પ્રેમરૂપી અમૃતની ધારા જ વહાવે અને સકળ જગતને પ્રેમમય બનાવે. જગતમાં અશાંતિ લડાઇ–ટંટા વિગેરેનાં મૂળમાં રાગ–દ્વેષ જ ભારેલા અગ્નિ પેઠે વિદ્યમાન છે. જો આત્માઓ આત્મા સાથે એકબીજાને ઓળખે અને પ્રેમ કરતા શીખે તો આખા ભવમાં સુખશાંતિ પ્રસરે. કોઇ કોઇને હણે નહીં તો અહિંસા ધર્મની સિદ્ધિ થાય, સત્યનો પ્રકાશ થાય, અસ્તેયનો અસ્ત થાય, બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ થાય, પરભાવ પરદ્રવ્યની પરિગ્રહની મૂર્છાનો ત્યાગ થાય, ક્ષમાની વીરતા પ્રગટે, નમ્રતા વંદન કરે, સરલતાથી સકળ જગતને પ્રિય થાય, સંતોષથી સર્વ દુઃખોનો ક્ષય થાય, રાગ–દ્વેષ બન્ને એકરૂપ થઇ અભેદ્ય પ્રેમમાં પલટાઇ જાય. વીતરાગ સ્વરૂપ થઇ જાય, અભેદ્ય પ્રેમીનો વિજય થાય, પ્રેમમય મૂર્તિના સાનિધ્યમાં કરોડો આત્માઓ વંદન કરે.

જ્યાં પ્રેમ છે ત્યાં વિકાર નથી, પ્રેમ વિષયનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભોગી નથી. જ્યાં સ્વાર્થ છે, ત્યાં પ્રેમ નથી. નિઃસ્વાર્થ પ્રેમીની પ્રતિભા પડે છે. નિઃસ્વાર્થ પ્રેમીના પગલાંથી હૃદયમાં ભાવના પ્રગટે છે. મસ્તક નમી જાય છે. પ્રેમ એ વિશ્વનું વશીકરણ છે. એક પ્રેમ-ભરી દૃષ્ટિથી જગત ઝૂકી જાય છે. સાચો પ્રેમી નિર્ભય હોય છે. તેનાથી કોઈ ભય પામતું નથી. પ્રેમ વિશ્વાસનું પાત્ર છે. સૌ કોઇ તેના વિશ્વાસમાં રહે છે, તેનો બોલ ઝીલે છે. પ્રેમ સાગર જેવો વિશાળ છે. એને કોઇ ભેદભાવ નથી એટલે સર્વને તે પ્રિય થાય છે. સૌ તેને પ્રિય છે તેની દૃષ્ટિમાં એકાગ્રતા હોય છે. તે વિખવાદ-કંકાસને ઇચ્છતો નથી. સૌ સુખી થાય તેવી ભાવના રાખે છે. **आत्मवत् सर्वभूतेषु**ની ભાવના તેનામાં પ્રગટી હોય છે. તે કોઈને દુઃખ આપતો નથી તે કોઇનું મન-વચન-કાયાથી અહિત કરતો નથી. બીજાનું દુઃખ જોઇ તેને કરુણા આવે છે. સુખ દેખી પ્રમોદ થાય છે. પાપીની ઉપેક્ષા કરે છે પણ દ્વેષ કરતો નથી.

પ્રેમ એ આત્માનું પ્રતિબિંબ છે. તેનું અંતઃકરણ શુદ્ધ હોય છે. તેના શુદ્ધ અંતઃકરણમાં સર્વ આત્માઓનું પ્રતિબિંબ પડે છે. પ્રેમમાં પાગલ બનનારા પ્રેમી નથી પણ મોહી છે. પ્રેમ છે ત્યાં પાપ પ્રવૃત્તિ નથી. પ્રેમી સદા આનંદી રહે છે. તેને હર્ષ-શોક થતા નથી. તેને રાગ-દ્વેષ થતા નથી. તેને સંકલ્પ, વિકલ્પ થતાં નથી. તે સંસારમાં ઉદાસીન ભાવ રાખે છે પણ શોગીયું મોઢું રાખી ફરતો નથી. અહિંસા, સંયમ અને તપ વગર પ્રેમનો પ્રકાશ થતો નથી. સંયમ વગર નિર્વિકાર દૃષ્ટિ થતી નથી. જ્યાં નિર્વિકાર દૃષ્ટિ નથી ત્યાં શુદ્ધ પ્રેમ નથી. શુદ્ધ પ્રેમ સહજ સ્વાભાવિક હોય છે તેને કોઇ વસ્તુની આસક્તિ હોતી નથી. તે દરેક ફરજો બજાવે છે, પણ નિર્લેપભાવે પ્રેમીનું ચિત્ત શાંત સ્થિર હોય છે. ડામાડોળ સ્થિતિ એ પ્રેમ નથી. આનંદનાં તો તેનામાં સ્વાભાવિક ઝરણાં વહે છે. તેના શબ્દમાં-વાણીમાં અમૃત હોય છે. તે દ્વેષ કરનાર તરફ પણ પ્રેમ કરે છે, તેને કોઇની સાથે વૈર નથી તેનો કોઇ દુશ્મન નથી. તેને સર્વ જડ-ચેતન ભાવોનું જ્ઞાન છે. એ જ્ઞાનવડે સર્વ વસ્તુઓને જાણે છે, જુએ છે અને જ્ઞાતા દ્રષ્ટાપણે સાક્ષીરૂપ રહે છે તે ક્યાંઇ લેપાતો નથી.

પ્રેમની પરાકાષ્ઠાએ પહોંચવું એ જ પરમ ધર્મ છે. એ જ સર્વજ્ઞનો સાર છે. અભેદ્ય પ્રેમ એ જ પરાકાષ્ઠા છે. ભૂતકાળમાં જે આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી ગયા તે એ જ પ્રેમની પરાકાષ્ઠાએ અભેદ્ય પ્રેમને પ્રાપ્ત કરીને વર્તમાનમાં પણ એ પ્રેમની સાધના કરીને પોતાનો પ્રકાશ જગતમાં પાથરી શકે એવી વિભૂતિઓ પ્રગટે છે. ભવિષ્યકાળમાં પણ એ પ્રેમના સાનિધ્ય-માં રહીને આત્માઓ **આત્માનંદ પ્રકાશ** પ્રાપ્ત કરશે. સમભાવને પ્રાપ્ત થયેલા સત પુરુષોને અભેદ-ભાવે નમસ્કાર.

---

**ક્રોધ ન કરવો એ એક વસ્તુ છે અને સામા પાસે પોતાના અપરાધના ક્ષમા માંગવી એ જુદી વસ્તુ છે. ક્રોધ ન હોય છતાં તેનો જોડીયો ભાઇ માન મનમાં બેઠો હોય છે તો ક્ષમા માગવામાં નાનમ લાગે છે-શરમ આવે છે. અભિમાની માણસ ક્ષમા આપી શકે છે. પણ માંગી શકતો નથી**

**—પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્યસુખનો ઉપાય

લેખકઃ-પૂ. મુનિશ્રી મહાપ્રભવિજયજી મહારાજ

તત્ત્વાર્થસૂત્રના રચયિતા શ્રી ઉમાસ્વાતિજીના કથન મુજબ સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયીનું સેવન મોક્ષ સંપાદનનો સાચો-અકસીર ઉપાય છે. શ્રી વીતરાગ પરમાત્માકથિત તત્ત્વમાં યથાર્થ શ્રદ્ધાન રાખવું, વિશ્વાસ કરવો તે **સમ્યગ્દર્શન,** તે તત્ત્વોનો નિર્મળ બોધ તે **સમ્યગ્જ્ઞાન** અને ઉભયના પરિણામે તજવા યોગ્યનો ત્યાગ અને આદરવા યોગ્યનો આદર કરવો તે **સમ્યક્ ચારિત્ર** છે. એ રત્નત્રયી છે.

**आत्मैव दर्शनज्ञान,-चारित्राण्यथवा यतेः।**
**यत्तदात्मक एवैष शरीरमधितिष्ठति ॥**

આત્માના સત્તાગત અનંત ગુણ વિભૂતિની યથાર્થ પ્રતીતિ થવી તે સમ્યકત્વ, તેનું યથાર્થ ભાન થવું તે જ્ઞાન અને આ ઉભયના પરિણામે સ્વરૂપસ્થિરતા કે નિજ ગુણરમણતા તે ચારિત્ર છે. એમ આત્મશ્રદ્ધા, આત્મજ્ઞાન અને આત્મરમણતા એ રત્નત્રયી જિનશાસનનું સર્વસ્વ છે. તેની આરાધના જ મુક્તિનું કારણ છે. **વાસ્તવમાં આ અખંડિત રત્નત્રયીની આરાધના સમ્યક્પ્રકારે કરીને જ અનંતા પૂર્વકાલમાં મોક્ષે ગયા છે, વર્તમાનમાં જાય છે અને ભવિષ્યમાં જશે.** આ રત્નત્રયીની પ્રાપ્તિ વગર ગમે તેટલા જન્મ લેવાથી પણ કોઈ જીવ મોક્ષલક્ષ્મીનું સાક્ષાત્ દર્શન કરી શકતો નથી. પરિભ્રમણનું કારણ આત્મભ્રાન્તિ છે. સાચું જ કહ્યું છે કેઃ—

**आत्माज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते ।**
**तपसाऽप्यात्मविज्ञान-हीनैश्छेत्तुं न शक्यते ॥**

આત્મા સંબંધી અજ્ઞાનથી ઉત્પન્ન થતું દુઃખ આત્મજ્ઞાનથી જ નષ્ટ થાય છે, પણ આત્મજ્ઞાન વગરના તપથી નહિં. આત્મામાં સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવ પ્રગટ થવો તે આત્માનો ધર્મ છે, માટે તે રત્નત્રયીનું યથાર્થ સેવન એ જ મોક્ષનો ખરો ઉપાય છે. સાચું સુખ મોક્ષમાં હોવાથી તે જ સત્યસુખનો ઉપાય છે.

પૂર્વોક્ત રત્નત્રયીરૂપ મોક્ષ માર્ગ પામવા માટે જ તેમજ તેમાં આગળ વધવા માટે જ સુદેવ-સુગુરુના; સત્પુરુષોના, શત્રુંજયાદિ પાવન તીર્થોના, તથા પાવન થવા આવતા ધર્મરસિક ચતુર્વિધ સંઘના દર્શન-વંદન-પૂજન-બહુમાનાદિ સદ્ભાવથી કરવાના છે. લક્ષ વગરની કરણી નકામી છે. પવિત્ર સ્થળોમાં પુણ્યયોગે અનાયાસે કે અલ્પશ્રમે પ્રાપ્ત થતા સુગુરુયોગનો અપૂર્વ લાભ લઈ, તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી, શ્રદ્ધા મજબૂત કરી યથાશક્તિ વ્રત-નિયમો નિષ્કામપણે સ્વીકારવા શ્રેયસ્કર છે.

**ક્ષણિક કલ્પિત સુખની આશાથી થતાં અનુષ્ઠાન બોર જેવા તુચ્છ વસ્તુ માટે ચિંતામણિ રત્ન જેવી કિંમતી વસ્તુ આપી દેવા જેવું છે, માટે મોક્ષના અર્થી આત્માએ આ લોક-પરલોકના ક્ષણિક કલ્પિત સુખોની આશા વગર જ નિષ્કામપણે ધર્માનુષ્ઠાન કરવા હિતાવહ છે.**

**"कर्मण्येवाधिकारस्ते, मा फलेषु कदाचन"**

"નિષ્કામપણે ધર્માનુષ્ઠાન કરવાની તારી ફરજ છે, ફલની આશા રાખવાની નથી. અન્ય શાસ્ત્રોમાં પણ સાચા સુખ મેળવવાના ઉપાય તરીકે પરમાત્મસ્વરૂપના યથાર્થ જ્ઞાનને જ કહેલ છે.

**"પ્રભુપણે પ્રભુ ઓળખી રે,**
**અમલ વિમલ ગુણગેહ;**
**સાધ્યદૃષ્ટિ સાધકપણે રે,**
**વંદે ધન્ય નર તેહ."**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ્ત વચન ઉપર્યુક્તકથનનું જ સમર્થન કરે છે.

પરમાત્મસ્વરૂપના જ્ઞાન માટે મનનો લય, મનના લય માટે નિષ્કામપણે શુદ્ધ અનુષ્ઠાનની ઉપાસના અને નિષ્કામપણા માટે અનિત્ય ભાવના ઉપાય છે. તેના સમર્થનમાં મહર્ષિઓ જણાવે છે કેઃ—

૧

"તાહરું ધ્યાન સમકિત રૂપ,
તેહિજ જ્ઞાન અને ચારિત્ર તેહ છે જી.
તેહથી જાયે સઘળાં હો પાપ.
ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોયે પછે જી."

૨

"ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે,
ભેદ છેદ કરશું હવે ટેકે;
ખીર-નીર પરે તુમશું મિલશું,
વાચક જસ કહે હેજે હલશું."

રાગાદિ રહિતપણે થતાં કર્મ-અનુષ્ઠાનો જીવન પલટાવી-જીવનવિકાસ સાધી મનુષ્ય જન્મ સફળ બનાવે છે, તે અનુષ્ઠાનો સ્વોદ્ધાર માટે છે એવી ભાવના પ્રકટાવી, જ્ઞાનપૂર્વક અનુષ્ઠાનોની ઉપાસના કરવી જોઈએ.

---

જૈન શાસન એટલે મોહ-કષાયોને મૂળમાંથી ઉખેડી નાખનારું વ્યવસ્થિત સામ્રાજ્ય. જૈન શાસન અને કષાયોને શાશ્વત વેર. કષાયોને મારી-મારીને જૈન શાસને ઝેર કરી નાખ્યા છે. જૈન શાસન ઉપર હલ્લો કરવાની કષાયો તક જોઇ રહ્યા હોય છે, પણ તેઓને તેવી તક નથી મળતી, કારણ કે જૈન શાસને "પર્યુષણ પર્વ" જેવા મહાપર્વની યોજના કરી છે. તે પર્વની ઉજવણી જોઇને જ કષાયો હતાશ થઇ જાય છે.

—પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂજ્ય મુનિ જંબૂવિજયજી મહારાજ મલ્લવાદીપ્રણીત–**દ્વાદશનયચક્ર**નું સંપાદન કરે છે. આ ગ્રંથ ત્રણ ભાગમાં થવા વકી છે. પ્રથમ ભાગ તૈયાર થઇ જવા આવ્યો છે અને થોડા વખતમાં પ્રસિદ્ધ થશે. આ ગ્રંથ જૈન અને અન્ય દર્શનો ઉપર નવીન પ્રકાશ પાડશે. તેને તૈયાર કરવા માટે મુનિશ્રીએ અથાગ મહેનત લીધી છે. તેમણે અંગ્રેજી, ટિબેટન વગેરે ભાષાઓનો અભ્યાસ કરી તે ભાષાઓમાં આ ગ્રંથને લગતા ગ્રંથો વાંચ્યા છે એટલું જ નહીં પણ ઇંગ્લાંડ, અમેરિકા, ઇટલી, જાપાન વગેરે દેશોના દર્શનશાસ્ત્રીઓનો સંપર્ક સાધ્યો છે. આ સંબંધમાં અમેરિકાના W. Maurer અને ઇટલીના G. Tucci તરફથી આવેલા પત્રોમાંથી સંબંધ ધરાવતા ફકરાઓ નીચે આપ્યા છે.

( ૧ )

× × ×

× × ×

I recall in one of your last letters you spoke of some photographs or microfilms (I've forgotten which) of portions of the Choni Kangur and Tanjur. Please let me know the details again and I shall straightway do what I can to assist you in satisfying your needs.

I do sincerely hope you will continue your generous benefactions to the Library of Congress of precious books on Jainism which have enriched our collections so much during the past few years. During my absence in India very nearly all the Gujarati volumes were catalogued and hence your many gifts of works in this language would have been included. You know, printed cards are made for all catalogued books in the Library's collections and these are available for sale throughout the world. In this way it is likely that numerous libraries everywhere will come to know of our growing collection of books on Jainism to which you have been so unstintingly contributing. I may add that it is only within the past two years that books in Hindi and Gujarati have been formally catalogued and cards printed for them.

( ૨ )

× × ×

× × ×

First of all, I must congratulate you very warmly for the wide extent of your studies, and your eager work, which witnesses to your scholarship and high mental achievement. I particularly congratulate you for the publishing of the *Nayacakra*, which I hope to receive, it being of great interest indeed.

I have gone very carefully through all your remarks and comments. I think the reading you suggest is possible, and should be taken into account, especially as to *ahrika;* as to *vaiyarthya*, we have to suppose that there is a gap in the ms. However, I shall be glad to send you the proofs of my own work as soon as available, and shall welcome your suggestions and recommendations. It is a great advantage to discuss these difficult points with a Pandit of your learning, and this makes me all the more obliged for your having introduced yourself to me, by a letter so overflowing with friendly feelings.

× × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પુરાંત હશે તે પેટ્રન તથા લાઇફ મેમ્બરોને પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણ રૂપિઆની કીંમતના ભેટ મળશે.

બીજો વર્ગ બંધ કરવામાં આવેલ છે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. ૬-૮-૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩-૮-૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, ૧૫-૦-૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૭-૮-૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૧૩-૦-૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૮-૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪-૦-૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨-૦-૦ |
| સં. ૨૦૦૭ } ,, ૨૦૦૮ | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦-૦-૦ |
| | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૦-૦ |
| | શ્રી અનેકાન્તવાદ ( ગુજરાતી ) | ,, ,, ૧-૦-૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦-૮-૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, ,, ૭-૮-૦ |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨-૦-૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧-૦-૦ |
| | | રૂા. ૮૬-૦-૦ |

હવે આપવાના ભેટના પુસ્તકો નવા તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે. ૨૦૧૦-૨૦૧૧ ના ભેટ પુસ્તકો માટે શ્રી કથારત્નકોષ ભાગ બીજો તૈયાર થાય છે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

બાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તેટલા વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

For Private And Personal Use Only